Presented on : 24-07-2025
Registered on : 24-07-2025
Decided on : 29-04 -2026
Duration : 00years,09months,05days

## મે. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.નેત્રંગ.

<u>ફોજદારી કેસ નં.૮૦૩/૨૦૨૫</u>

આંક :

**ફરીયાદી :** શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી :** અશોકભાઈ શાંતીલાલ કબીરાભાઈ વણજારા.
રહે.નેત્રંગ,ગીરધરનગર,તા.નેત્રંગ,જી.ભરૂચ.

**ગુન્હો : ધી કોપીરાઈટ એકટ ઈસ ૧૯૫૭ ની કલમ ૫૧,૬૩ મુજબ**

---

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.આર.ચૌધરી.
આરોપી તરફે વિ.વ.શ્રી કે.એફ.વસાવા.

---

**-: <u>ચુકાદો</u> :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે,આ કામના આરોપીએ તા.૨૭/૧૨/૨૦૨૩ નારોજ પોતાના રહેણાંક

મકાનમાં વાડાના ભાગે કે.લાલ અરેકાન્ટ( સોપારી) કોપીરાઈટ રજીસ્ટ્રેશનમાં લેબલને મળતું ભળતું કલાકૃતિ ગુજરાતી તથા અંગ્રેજીમાં લખેલ  કે.લાલ અરેકાન્ટ( સોપારી) ની મંજુરી વગર ગેરકાયદેસર રીતે પેકીંગ કરી એસ.કે.લાલ  અરેકાન્ટ (સોપારી) પાઉચ કુલ ૪૬,૩૫૦/– ની કિંમત રૂપિયા ૧,૮૫,૪૦૦/– તથા  કે.લાલ અરેકાન્ટ( સોપારી) પાઉચ નંગ–૧૩૫૦ કિંમત રૂપિયા ૨૭૦૦/– એસ.કે.લાલ અરેકાન્ટના પ્લાસ્ટીકના રોલનો બાંધો નંગ–૩૪ કિંમત ૩૪,૦૦૦/– તથા એક ઈલેકટ્રીક ઓટોમેટીક પાઉચ પેકીંગ મશીન જેની કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– મળી કુલ કિંમત રૂપિયા ૩,૨૨,૧ ૦૦/– ના મુદ્દામાલ સાથે મળી સજાને પાત્ર ગુનો કરી, ધી કોપીરાઈટ એકટ–૧૯૫૭ ની કલમ–૫૧,૬૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અંગેની ફરીયાદ દાખલ કરેલી છે. તપાસ કરનાર અધિકારી દવારા તપાસના અં તે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) સદર ગુનાના કામે ચાર્જશીટ રજુ થતાં આરોપી વિરુધ્ધ ફરમાવેલ ગુનાના તહોમત અંગે કોગ્નીજન્સ લઈ, આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ, જેની ધોરણસર બજવણી થઈ ગચેલ છે. જે અન્વયે આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે પુરી પાડવામાં આવેલી. તેમજ આરોપી

વિરુઘ્ઘ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ. જે તહોમતનામાની વિગત આરોપીને વાંચી, સંભળાવી, સમજાવી પુછતાં , આરોપીએ તેમના આંક–૦૫ ના પ્રાથમિક નિવેદનમાં ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરી, પોતે ઈન્સાફી કાર્યવાહીનો સામનો કરવા માંગતા હોવાની હકીકત જણાવતાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલી.

**(૩)** ફરીયાદપક્ષ તરફે આ કામે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

**<u>:: મૌખિક પુરાવો ::</u>**

(૧) આંક–૦૬ ફરીયાદી હિરેનભાઈ મુકેશભાઈ પટેલની જુબાની

**<u>:: દસ્તાવેજી પુરાવો ::</u>**

(૧) આંક–૦૮ ગુનાવાળી જગ્યાનું પંચનામું
(૨) આંક–૦૭ ફરીયાદ
(૩) આંક–૦૯ કલોઝીંગ પુરસીસ

**(૪)** ત્યાર બાદ ફરિયાદપક્ષ દવારા તેઓ વધુ પુરાવો આપવા માંગતા ન હોવાની કલોઝીંગ પુરસીસ આંક–૦૯ થી રજુ રાખેલ છે.

ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનાઓનું ક્રિ. પ્રો. કો. કલમ :– ૩૧૩ મુજબ વિશેષ નિવેદન લીધેલ નથી.

ત્યાર બાદ આરોપીઓ સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓ તરફે આરોપીઓના વિ. વકીલશ્રી ની

લંબાણ પુર્વકની દલીલો સાંભળી.

**(૫)** હાલના કામે રજુ થયેલ તમામ પુરાવોના આધીન કેસના આખરી નિકાલ સારુ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૨૭/૧૨/૨૦૨૩ નારોજ પોતાના રહેણાંક મકાનમાં વાડાના ભાગે કે.લાલ અરેકાન્ટ( સોપારી) કોપીરાઈટ રજીસ્ટ્રેશનમાં લેબલને મળતું ભળતું કલાકૃતિ ગુજરાતી તથા અંગ્રેજીમાં લખેલ કે.લાલ અરેકાન્ટ( સોપારી) ની મંજુરી વગર ગેરકાયદેસર રીતે પેકીંગ કરી એસ.કે.લાલ અરેકાન્ટ (સોપારી) પાઉચ કુલ ૪૬,૩૫૦/– ની કિંમત રૂપિયા ૧,૮૫,૪૦૦/– તથા કે.લાલ અરેકાન્ટ( સોપારી) પાઉચ નંગ–૧૩૫૦ કિંમત રૂપિયા ૨૭૦૦/– એસ.કે.લાલ અરેકાન્ટના પ્લાસ્ટીકના રોલનો બાંધો નંગ–૩૪ કિંમત ૩૪,૦૦૦/– તથા એક ઈલેકટ્રીક ઓટોમેટીક પાઉચ પેકીંગ મશીન જેની કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/– મળી કુલ કિંમત

રૂપિયા ૩,૨૨,૧૦૦/– ના મુદ્દામાલ સાથે મળી સજાને પાત્ર ગુનો કરી, ધી કોપીરાઈટ એકટ–૧૯૫૭ ની કલમ–૫૧,૬૩ મુજબના મુજબના શિક્ષાપાત્ર ગુન્હો આ અદાલત ની હકુમત માં કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણય માટેનાં કારણો નીચે મુજબ છે.

**–: કારણો :–**

**મુદ્દા નંબર–૧ :–**

(૮) આ કામે **આંક–૦૬ થી હિરેનભાઈ મુકેશભાઈ પટેલ**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે.જેમાં તેઓ જણાવેલ છે કે, બનાવ આશરે ત્રણેક વર્ષ અગાઉ બનેલ, બનાવમાં અમારી એમ.ફોર.યુ. ઈન્ટાલેકચ્યુચલ પ્રોપટી રાઈટ નામની કંપની આવેલ છે. જેમાં પ્રોપરાઈટર તરીકે હું માલિકી હક ધરાવું છું. જેમાં મારે અલગ–અલગ બ્રાંડેન્ડ કંપનીઓના કોપી રાઈટ ટ્રેડ માર્કના હકોના રક્ષણ માટે ફરજ બજાવું છું. જેમાં મારી કાંતિલાલ હરગોવનદાસ પટેલના રજીસ્ટર કોપી રાઈટ વાળી કે.લાલ એરેકાન્ટ બ્રાંન્ડના રક્ષણ માટે મને પાવર ઓફ એટર્ની આપેલા હતા.અને અમોને આ કંપનીના કોપી રાઈટના ભંગ

કરતા ઈસમો વિરુધ્ધ પોલીસ સાથે રાખી તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાનું હોય છે. બનાવના દિવસે અમો નેત્રંગ એક અરજીના કામે આવવાનું થયેલ અને તે અરજીમાં જણાવેલ જગ્યાએ જઈ તપાસ કરતા સદર જગ્યાએથી કે.લાલ એરેકાન્ટના લેબલને મળતા પાઉચ મળી આવેલ જેથી તે કે.લાલ એરેકાન્ટની મંજુરી વગર બનાવેલ હોવાનું જણાતા અમોએ તે બાબતે નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ. આજરોજ મને ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જે હું ઓળખી બતાવું છું. સદર ફરીયાદ આંક–૦૭ થી રજુ છે.

સદર સાહેદ પોતાની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે બનાવવાળી જગ્યાએ કોઈ ઈસમ હાજર ન હતું. એ વાત ખરી છે કે , બનાવવાળી જગ્યાએ ફકત પેકીંગના કાગળો, પેકીંગ કરવા માટેનું મશીન અને અન્ય મુદ્દામાલ મળી આવેલ.એ વાત ખરી છે કે, આ બનાવવાળી જગ્યાવાળું મકાન કોની માલિકીનું હતું તેની મને જાત માહિતી નથી.

ઉપરોકત કેસમાં પુરાવાની ચર્ચા કરતાં પહેલાં અહીં આક્ષેપીત કલમો વિશેની ચર્ચા જરૂરી બને છે. આરોપી સામે અગાઉનું કોઈ સજા થયેલ હોય તે બાબત રેકર્ડ પર નથી. આથી સદર કાયદા ઘી કોપીરાઈટ) ની કલમ ૬૩–એ નહી પણ કલમ–૬૩ મુજબનો ગુનો ફરીયાદની હકીકતમાં જોતાં જણાઈ આવે છે. જે નીચે મુજબ છે.

### 63: Offence of Infringement of copyright or other rights conferred by this Act

Any person who knowingly infringes or abets the infringement of–

(a) the copyright in a work, or (b) any other right conferred by this Act 1.[except the right conferred by section 53A ], 1a.[shall be punishable with imprisonment for a term which shall not be less than six months but which may extend to three years and with

fine which shall not be less than fifty thousand rupees but which may extend to two lakh rupees : Provided that 1b.[where the infringement has not been made for gain in

the course of trade or business] the court may, for adequate and special reasons to be mentioned in the judgment, impose a sentence of imprisonment for a term of less than six months or a fine of less than fifty thousand rupees.]

## 51:When copyright infringed

Copyright in a work shall be deemed to be infringed–

(a) when any person, without a licence granted by the owner of the copyright or the Registrar of Copyrights under this Act or in contravention of the conditions of a licence so granted or of any condition imposed by a competent authority under this Act–

(i) does anything, the exclusive right to do which is by this Act conferred upon the owner of the copyright, or

1.[(ii) permits for profit any place to be used for the communication of the work to the public where such communication constitutes an infringement of the copyright in the work, unless he was not aware and had no reasonable ground for believing that such communication to the public would be an infringement of copyright; or]

(b) When any person–

(i) makes for sale or hire, or sells or lets for hire, or by way of trade displays or offers for sale or hire, or

(ii) distributes either for the purpose of trade or to such an extent as to affect prejudicially the owner of the copyright, or

(iii) by way of trade exhibits in public, or (iv) imports 2.[***] into India, any infringing copies of the work : 3.[Provided that nothing in sub–clause (iv) shall apply to the

import of one copy of any work for the private and domestic use of the importer.]

આથી કલમ નાં તત્વો ધ્યાને લેતાં જણાઈ આવે છે કે લાઈસંસ ના ધારણ કનાર એટલેકે કોપીરાઈટ ધરાવનાર સંસ્થા તેના અંગે લાઈસંસ વગર તેનુ વેચાણ વિગેરે કરે તો તે કોપીરાઈટનો ભંગ થયેલ ગણાય. વળી આવા સંજોગોમાં કોપીરાઈટ નુ લાઈસંસ અથવા તો રજીસ્ટ્રાર શ્રી ની પરમીટ વગર આરોપી તેનુ નફો રળવા માટે તથા પોતાના અંગત ઉપયોગ માં નહોય તે રીતે પરમીટ ન હોય અગર ભંગ કરી ને તેનુ કર્મશીયલ ઉપયોગ કરતો હોવો જોઈએ. ઉપરોકત બાબતો ફરીયાદ પક્ષે સાબીત ન થાય ત્યાં સુધી આરોપી ને તકસીર વાર ઠરાવી શકાય નહી.

(૯) સદરહુ જગ્યાએથી સહેલાઈથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલાં નથી. આથી ફરીયાદ પક્ષે કલમ ૫૧ મુજબ ના કોપીરાઈટ ભંગ નાં કોઈ જ તત્વો આરોપી સામે પુરાવાર થતા નથી. તેથી આરોપીઓને તેમની સામેના ગુન્હામાં સાંકળવા માટે યોગ્ય અને જરૂરી પુરાવાનો અભાવ હોઈ આરોપીઓને શંકાનો લાભ મળી ને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ન્યાયોચિત જણાતું હોઈ મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**:: હુકમ ::**

**(૧)** આ કામના આરોપી અશોકભાઈ શાંતીલાલ કબીરાભાઈ વણજારા, રહે. નેત્રંગ, ગીરધરનગર,તા.નેત્રંગ,જી.ભરૂચનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ધી કોપીરાઈટ એકટ ઈસ ૧૯૫૭ ની કલમ ૫૧,૬૩ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાંહેધરી માટે રૂ.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ રાખવાના રહેશે.

**(૩)** મુદ્દામાલ હોય તો તેને આગળની કાર્યવાહી માટે ફરીયાદીને પરત કરવો.અન્ય જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ કાયમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૯ માહે–એપ્રિલ – સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૯/૦૪/૨૦૨૬
મુ.નેત્રંગ

**(બી.આર.લખવાણી)**
જયુડી.મેજીસ્ટ્રેટ.ફ.ક., નેત્રંગ
(જજ કોડ નં. જીજે૦૧૭૧૧)

**//J.J.S.//**